

# दीनदयाळ समाज सेवा केन्द्र

**(नोंदणी क्र. ई - 11260 मुंबई, दि. 29-6-1987)**
**क 57, गणेश नगर सोसायटी, गोगटे वाडी, गणपती मंदिर, गोरेगाव पूर्व, मुंबई 400 063. दूरध्वनी : 29275408**

**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૬ સપ્ટેંબર ૨૦૧૧**

## અર્થ નો પ્રભાવ અને અર્થ નો અભાવ બંન્ને વસ્તૂને ખોટી માનનારા પં. દીનદયાળ ના વિચાર આજે પણ અનુકરણીય : શ્રી. પ્રકાશ જાવડેકર

**મુંબઈ, સોમવાર** : "સમાજ જીવનમાં અર્થ-પ્રભાવ અર્થાત પૈસાદારોની ઈજારાશાહી દેખાતી હોય અથવા અર્થ નો અભાવ એટલે સામાન્ય માણસ પાસે પૂરતા પૈસા ન હોય તો દેશની પ્રગતી ન થઈ શકે આ બંન્ને બાબતો નું અસ્તીત્વ દેશમાં ન ચાલે આ મુજબનાં પંડીત દીનદયાળ ઉપાધ્યાય ના અર્ધ શતક પહેલાંનાં વિચારો આજે પણ અનુકરણીય લાગે છે તેમાંજ તેમના વિચારોની સફળતા છે," આ મુજબનો મત ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા અને સાંસદ શ્રી. પ્રકાશ જાવડેકરે વ્યકત કર્યા હતા. પં. દીનદયાળ ઉપાધ્યાયની જયંતી નિમીત્ત મુંબઈનાં ગોરેગાવ ખાતે દીનદયાળ સમાજ સેવા કેંદ્રએ આયોજન કરેલ વ્યાખ્યાન માં શ્રી. જાવડેકર બોલી રહ્યા હતા. માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈક કાર્યક્રમના અધ્યક્ષસ્થાને હતા.

"પં.દીનદયાળ ઉપાધ્યાય આજના સંદર્ભમાં" આ વિષયપર વ્યાખ્યાન આપતી વેળાં સાંસદ શ્રી જાવડેકર બોલ્યા હતાં કે, "પં. દીનદયાળ તે દ્રષ્ટા નેતા હતા. તેથીજ આજે તેમના નિધન ને ૪૩ વર્ષો થયા છતાં પણ તેમના વિચારો તેવા જ તાજા અને અનુકરણીય અનુભવાય છે. એકાદો રાજકીય પક્ષ અર્થાત ધગધગતું આંદોલન હોવું જોઈએ તેવો તેમનો મત હતો. સરકારની વિરૂધ્ધ આંદોલનો કરવા એટલુંજ રાજકીય પક્ષોનું કામ ન હોઈ જે બાબતો વિરૂધ્ધ આંદોલન કરવામાં આવે તેનો સશકત પર્યાય આપવાનું કાર્ય પણ રાજકીય પક્ષોનું કાર્ય હોય છે, આવું એકતરફ કહેનારા દીનદયાળે અર્ધશતક પહેલાં મુકત અર્થકારણ નું સ્વપ્ન જોયું હતું. આજે ચોતરફ વૈશ્વિકરણ ની હેલી આવી હોવાથી જ તેમની દ્રષ્ટા હોવાની બાબતે તેમની સમક્ષ નતમસ્તક થવાનું મન થાય છે. એક તરફ વેપારીઓને બંધનરહિત વ્યવસાય કરવા મળવો જાઈએ પણ તેની સાથે અર્થ નો પ્રભાવ અથવા અર્થ નો અભાવ હોવો ન જોઈએ તેવી પં.દીનદયાળ ની સામાન્ય પ્રજાના હિત માટેની ભૂમિકા હતી." દેશમાં પ્રત્યેક હાથને કામ અને ખેતર ને પાણી આપવાનું તેમનું સ્વપ્ન આજે પણ અપૂર્ણ હોવાનો વસવસો આ પ્રસંગે શ્રી જાવડેકરે વ્યકત કર્યો હતો.

દીનદયાળ સમાજ સેવા કેંદ્રએ સામાજીક પ્રબોધન માટે વ્યાખ્યાન આયોજીત કરતી વેળાં બીજી બાજૂ આપણી સામાજીક જવાબદારી વ્યકત કરતા ગોરેગાંવ ના જયેષ્ઠ સમાજસેવક અને પુનર્વાસ મતિમંદ સંસ્થાના સંસ્થાપક શ્રી. પ્રભાકર મોડક (૮૩ વર્ષ) નું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. માજી ધારાસભ્ય અને ભાજપ ઉત્તર મુંબઈ ના અધ્યક્ષ શ્રી માધવ મરાઠે નું પણ ૮૦ વર્ષ પૂર્ણ કર્યા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. ૩૨૦૦ થી વધુ મરાઠી પત્રો અખબારોમાં લખનારા જયેષ્ઠ પત્રલેખક અને વિદ્યાવર્ધીની શિક્ષણ સંસથાના વિશ્વસ્ત શ્રી મધુકર તાટકે (૮૧ વર્ષ) નું પણ આપ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું.

સમાજ સમક્ષ આદર્શો ની ખાસ ગરજ હોય છે, એ ભૂમિકાએ આ સન્માન કરવામાં આવ્યા હોવાનું કહેતી વેળાં માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈક એ કહ્યું હતું કે, " આદર્શ અને તત્વો બાબતે કયારેય પણ બાંધછોડ ન કરવાની શિખામણ પં. દીનદયાળજીએ આપી. જયારે ભારતીય જનસંઘ તેનાં મુળીયા જમાવી રહ્યો હતો તેવા પ્રારંભિક તબકકામાં રાજસ્થાન માં અમારા ફકત સાત ધારાસભ્ય હતા. 'ખેડે તેનું ખેતર' આ વિધેયક બાબતે પક્ષ નો આદેશ માનવા સામે તત્કાલીન જાગીરદાર અને જમીનદાર હોય તેવા ધારાસભ્યોએ નનૈયો ભણ્યો અને બળાવાખોરી નાં ચિન્હો બતાવ્યા. આવી પરિસ્થિતીમાં તત્વો સાથે બાંધછોડ કરવાની બદલે તે સર્વને પક્ષમાંથી હાંકી કાઢી આદર્શ નિર્માણ કરનારા દીનદયાળ આજે પણ આદરણીય અને અનુકરણીય છે. પક્ષના ધોરણ નું સર્મથન કરનારા એકમાત્ર ધારાસભ્ય અર્થાત પછીથી રાજસ્થાન ના મુખ્યપ્રધાન અને ઉપરાષ્ટ્રપતી બનેલા સ્વ.ભૈરોસિંહ શેખાવત હતા. "

માજી ડે. મેયર અને નગરસેવક શ્રી દિલીપ પટેલે આ પ્રસંગે પ્રાસ્તાવિક કર્યું હતું, અને ભાજપ મુંબઈ નાં ઉપાધ્યક્ષ શ્રી જયપ્રકાશ ઠાકૂર એ કાર્યક્રમ નું સંચાલન કર્યુ હતું. ધારાસભ્ય શ્રી.ગોપાળ શેટ્ટી, ડે.મેયર શ્રીમતી શેલજા ગિરકર, નગરસેવિકા શ્રીમતી વિદ્યા ઠાકુર, શ્રીમતી ભારતી કેણી, કુ.ઉજજવલા મોડક, નગરસેવક ડૉ.રામ બારોટ, શ્રી.મોહન મીઠબાવકર, શ્રી પ્રવિણ શાહ, વિશ્વ હિંદુ પરિષદના કોંકણ પ્રાંત ના અધ્યક્ષ શ્રી. દેવકીનંદન જીંદલ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં સ્થાનિક સંઘચાલક સર્વશ્રી. દાઉદયાળ શર્મા, અરવિંદ ભાવે અને ડૉ.નવનીત શાહ, સંસ્કાર ભારતીના શ્રી. સુભાષ દેવ તેમજ સર્વશ્રી આર.યુ.સિંહ, ભાઈ ગિરકર, અતુલ ભાતખળકર, હૈદર આઝમ, રમેશ મેઢેકર, રાજેશ શર્મા, અરૂણ દેવ વગેરે ભાજપ નેતા અને સંઘ પરિવારમાંના અનેક માન્યવરો આ પ્રસંગે ખાસ હાજર રહ્યાં હતા.

**(સુભાષ દેવ) વતી**